૩૨ - સર્વનયાશ્રયણાષ્ટક 

ધાવન્તોઽપિ નયાઃ સર્વે, સ્યુર્ભાવે કૃતવિશ્રમાઃ
ચારિત્રગુણલીનઃ સ્યાત્, ઈતિ સર્વઃ નયાશ્રિતઃ (૩૨-૧)

શબ્દાર્થ: ધાવન્તઃ = દોડતા; અપિ = પણ; નયાઃ = નયો, સર્વે = બધા; સ્યુઃ = હોય છે, ભાવે = ભાવમાં, વસ્તુસ્વભાવમાં, કૃતવિશ્રમાઃ = જેણે વિશ્રામ કર્યો છે, સ્થિરતા કરી છે; ચારિત્રગુણલીન = ચારિત્રના ગુણમાં લીન; સ્યાત્ = હોય; ઈતિ = તેથી; સર્વઃ = બધા; નયાશ્રિત = નયોનો આશ્રય કરનાર (સાધુ)

શ્લોકાર્થ: (પોતપોતાના પક્ષને સિદ્ધ કરવા માટે) દોડતા હોય પણ વસ્તુસ્વભાવમાં જેણે સ્થિરતા કરી છે એવા બધા નયો છે. એટલે ચારિત્રગુણમાં લીન (સાધુ) સર્વ નયોનો આશ્રય કરનાર હોય છે. (બધા નયોને સ્વીકારે છે)

ભાવાર્થ: પ્રત્યેક વસ્તુના અનંત ધર્મ અર્થાત્ ગુણલક્ષણો છે. આ અનંત ધર્મોમાંથી બધા ધર્મોની આપણને ખબર નથી. કોઈકને અમુક ધર્મોનું જ્ઞાન હોય, તો બીજાને બીજા ધર્મનું જ્ઞાન હોય. જે કોઈ એક અથવા અમુક ધર્મનું કથન (Representation) કરે છે તે નય છે. પણ નય અપૂર્ણ છે. બધા નયો અપૂર્ણ હોય છે પણ ખોટા હોતા નથી. એમાં સત્યનો અંશ હોય છે.

કોઈપણ એક નયને પકડીને વાત કરનાર નયવાદી કહેવાય છે. પોતાને ખબર છે અને પોતે સાચા છે એવું કહેવાની ઉતાવળ દરેક નયવાદીને હોય છે. તે પોતાની માન્યતાને સિદ્ધ કરવા દોડે છે. પરંતુ માત્ર કોઈપણ એક જ નયનો સ્વીકાર કે અસ્વીકાર કરવાથી રાગ-દ્વેષ થાય છે. કોઈપણ નયનો અનાદર કરવો ઉચિત નથી. પ્રત્યેક નય શુદ્ધ આત્મધર્મરૂપ સાધ્યને જ સાધવામાં જોડાયેલા છે. આવું સમજનાર મુનિ ચારિત્રગુણમાં લીન થયા છતાં સર્વનયોનો આશ્રય કરે છે.

નયો સાત છે: નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત. દરેક નયનો પોતપોતાનો અભિપ્રાય છે. એકનો અભિપ્રાય બીજાના અભિપ્રાય (opinion) સાથે મળે નહીં.

ચારિત્ર શબ્દમાં બે શબ્દો - ચય અને રિત્ત જોડાયેલા છે. ચય એટલે કર્મનો સમૂહ અને રિત્ત એટલે ખાલી કરવું, નાશ કરવો. એટલે કે કર્મના સમૂહને નાશ કરવો તેનું નામ ચારિત્ર. આવા ચારિત્ર ગુણમાં લીન રહેનારા મુનિ સર્વનયોને યથાસ્થાને સ્વીકારનારા - જોડનારા હોય છે.

મુખ્ય બે નય મહત્ત્વના છે - વ્યવહાર અને નિશ્ચય. અથવા ક્રિયાનય અને જ્ઞાનનય ...; દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય

પૃથગ્નયા: મિથ: પક્ષ-પ્રતિપક્ષકદર્થિતા:
સમવૃત્તિસુખાસ્વાદી, જ્ઞાની સર્વનયાશ્રિત: (૩૨-૨)

**શબ્દાર્થ:** પૃથગ્ = જુદા જુદા, નયા: = નયો, મિથ: = પરસ્પર, પક્ષપ્રતિપક્ષ = પક્ષ અને વિપક્ષ; કદર્થિતા: = વિડંબિત થયા છે; સમવૃત્તિ = સમભાવ, સુખાસ્વાદી = સુખનો અનુભવ કરનાર; સર્વનયાશ્રિત: = સર્વ નયોને આશ્રિત હોય છે.

**શ્લોકાર્થ:** જુદા જુદા નયો પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષથી વિડંબિત છે. (પરંતુ) સમભાવ વૃત્તિથી સુખનો અનુભવ કરનાર જ્ઞાની સર્વનયોને આશ્રિત (માન્ય રાખનાર) હોય છે. (વિડંબિત છે એટલે અથડાય છે)

**ભાવાર્થ:** વ્યવહારનય અને નિશ્ચયનય, જ્ઞાનનય અને ક્રિયાનય; દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિક નય આવા જુદા જુદા નયવાળાઓ જ્યારે પોતાના નય માટે જ આગ્રહ રાખે છે ત્યારે તેમાંથી વાદવિવાદ થાય છે. પરિણામે તેમની વિડંબના થાય છે, એમાંથી કલહ અને સંઘર્ષ થાય છે પરંતુ યથાર્થ જ્ઞાન ધરાવનાર સમવૃત્તિવાળા જ્ઞાની મહાત્મા દરેક મત પ્રત્યે આદર રાખે છે અને એમાં રહેલા સત્યના અંશને સ્વીકારે છે.

દ્રવ્યથી આત્માને નિત્ય પણ માને છે અને પર્યાયથી આત્માને અનિત્ય પણ માને છે. વ્યવહારનયથી સાધનની આવશ્યકતા પણ સ્વીકારે છે અને નિશ્ચયનયથી સાધ્યની આવશ્યકતા પણ સ્વીકારે છે.

જૈન દર્શન એટલા માટે સ્યાદ્વાદ શૈલી અપનાવે છે. તે નિશ્ચયનય અને વ્યવહારનય અથવા દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નયનો સમન્વય કરે છે. જો બન્ને નયો જુદા જુદા હોય તો તે દુર્નય (મિથ્યાદૃષ્ટિ) છે.

પૂજ્ય સિદ્ધસેનદિવાકરજી કહે છે:

હે નાથ! જેમ સમુદ્રમાં સર્વ નદીઓ સમાય છે તેમ તમારામાં સર્વ દર્શનો (સર્વ દર્શનના ભિન્ન ભિન્ન નયો - અભિપ્રાયો) સમાયા છે. પરંતુ ભિન્ન ભિન્ન નદીઓમાં જેમ સમુદ્ર દેખાતો નથી તેમ અન્ય દર્શનોમાં આપશ્રી (આપનો અનેકાન્તવાદ) ક્યાંય દેખાતો નથી

# ૩૨- સર્વનયાશ્રયદ્વાત્રિંશિકા

નાપ્રમાણં પ્રમાણં વા, સર્વમપ્યવિશેષિતમ્
વિશેષિતં પ્રમાણં સ્યાત્ ઇતિ સર્વનયજ્ઞતા (૩૨-૩)

શબ્દાર્થ: નાપ્રમાણં = ન + અપ્રમાણં = અપ્રમાણ નથી. પ્રમાણં = પ્રમાણ; વા = અથવા, સર્વમપિ = બધાય, અવિશેષિતમ્ = વિશેષ રહિત હોય, વિશેષિતં = વિશેષ સહિત હોય, સ્યાત્ = છે; ઇતિ = એ પ્રમાણે; સર્વનયજ્ઞતા = સર્વ નયોનું જ્ઞાન

શ્લોકાર્થ: બધાંય (વચન) અવિશેષિત હોય તો અપ્રમાણ નથી અથવા પ્રમાણ પણ નથી. વિશેષિત હોય તો તે પ્રમાણ છે. આ રીતે સર્વ નયોનું (જ્ઞાનીઓને) જ્ઞાન હોય છે. (અવિશેષિત = વિશેષણ વિનાના, વિવક્ષા વિનાના)

ભાવાર્થ: કોઈપણ શાસ્ત્રવચન પ્રમાણભૂત છે કે નહિ તે નિશ્ચિત કરવાની પદ્ધતિ બતાવી છે.

વિશેષરહિત એટલે નિરપેક્ષ અને વિશેષસહિત એટલે સાપેક્ષ.

કોઈપણ શાસ્ત્રવચનની પ્રમાણિકતાનો નિર્ણય કરવાની આ પદ્ધતિ છે.

ઉપદેશમાળા નામના ગ્રંથમાં ધર્મદાસગણિએ કહ્યું છે:

"જેણે શ્રુતસિદ્ધાંતનું રહસ્ય જાણ્યું નથી અને કેવળ સૂત્રના અક્ષરને અનુસરીને ચાલે છે તેનું સર્વપુરુષાર્થથી કરેલું ક્રિયાનુષ્ઠાન ઘણું અજ્ઞાન તપમાં આવે છે."

કોઈપણ વાક્ય જો વિશેષણ વિનાનું હોય તો તે વાક્ય એકાન્તે અપ્રમાણ પણ નથી અથવા પ્રમાણ પણ નથી. વિશેષણ સહિત હોય તો જ તે અપ્રમાણ અથવા પ્રમાણ બને છે.

જેમકે "વીતરાગ પ્રભુની દ્રવ્ય પૂજા કરવી જોઈએ"
આ વાક્ય પ્રમાણ (સત્ય- સ્વીકારવા યોગ્ય) પણ નથી તથા અપ્રમાણ (અસત્ય- ન સ્વીકારવા યોગ્ય) પણ નથી. કારણ કે કોણે પૂજા કરવી જોઈએ? અને કોણે ન કરવી જોઈએ? તે સ્પષ્ટ કર્યું નથી. એટલે કે એનું કોઈ વિશેષણ આગળ લખ્યું નથી, એટલે અવિશેષિત છે.

માટે 'કરવી જ જોઈએ' એમ વિધિ પણ જણાવતું નથી અને 'ન કરવી જોઈએ' એમ નિષેધ પણ જણાવતું નથી.

પરંતુ જો આગળ "શ્રાવક- શ્રાવિકાએ" અથવા "સાધુ- સાધ્વીજીએ" એમ વિશેષણ લગાડાય તો જ તે વાક્ય પ્રમાણ અથવા અપ્રમાણ બને છે.

જો શ્રાવક-શ્રાવિકા વિશેષણ લગાડો તો
"શ્રાવક-શ્રાવિકાએ વીતરાગની દ્રવ્ય પૂજા કરવી જોઈએ" આ વાક્ય

પ્રમાણભૂત બને.
પણ "સાધુ-સાધ્વીઓએ વીતરાગ પ્રભુની દ્રવ્યપૂજા કરવી જોઈએ" તો આ વાક્ય અપ્રમાણ બને છે કારણકે સાધુ-સાધ્વીઓ સાવદ્યના (પાપના) ત્યાગી છે.

આમ વાક્યની આગળ જો વિશેષણ લગાડો અથવા કઈ અપેક્ષાએ તમે આ વાક્ય બોલો છો? તે જો સ્પષ્ટ કરો તો જ તે વાક્ય પ્રમાણ છે કે અપ્રમાણ છે તે સ્પષ્ટ થાય.

"પાર્શ્વનાથ પ્રભુ પૂર્વે થયા"
આટલું જ વાક્ય બોલો તો તે પ્રમાણ કે અપ્રમાણ ન કહેવાય. કોનાથી પૂર્વે થયા? તે સ્પષ્ટ કર્યું નથી.
"મહાવીરસ્વામીથી પાર્શ્વનાથ પ્રભુ પૂર્વે થયા" તો જ તે વાક્ય પ્રમાણ કહેવાય, અન્યથા શ્રી નેમિનાથ પ્રભુની પૂર્વે અથવા શ્રી નમિનાથ પ્રભુની પૂર્વે થયા આવો ખોટો અર્થ પણ થઈ શકે.

આ રીતે જો શાસ્ત્રવચનનો જાણવું હોય તો તે કઈ અપેક્ષાએ કહેવાયું છે તે પણ બરાબર જાણવું જોઈએ. સ્યાદ્વાદના જ્ઞાનમાં ઉપયોગી એવું સર્વ નયોનું જ્ઞાન સાધકોએ પ્રાપ્ત કરવું જોઈએ. એથી રાગ-દ્વેષ ઘટે છે અને સમતા તથા શાન્તિનું સુખ અનુભવાય છે.

ગૃહસ્થપણામાં દાન કર્તવ્ય છે તે જ ગૃહસ્થ જ્યારે સાધુ થાય ત્યારે સાધુપણામાં પૌદ્ગલિક દાન અકર્તવ્ય થાય છે. તે જ રીતે

સામાન્ય સાધુને દોષિત આહાર ગ્રહણ કરવો તે અપ્રમાણ કહેવાય પરંતુ ગીતાર્થ મુનિ હોય, બિમાર હોય તો દોષ નહીં.
(ભક્તિયોગાચાર્ય પૂ. યશોવિજયજીને Pittsburgમાં operation માટે જવું પડ્યું)

લોકે સર્વનયજ્ઞાનાં, તાટસ્થ્યં વાપ્યનુગ્રહઃ
સ્યાત્ પૃથગ્નયમૂઢાનાં, સ્મયાર્તિર્વા ઽતિવિગ્રહઃ (૩૨-૪)

<u>શબ્દાર્થ</u>: લોકે = લોકમાં, સર્વનયજ્ઞાનાં = સર્વ નયો જાણનારનો, તાટસ્થ્યં = મધ્યસ્થપણું, વા = અથવા, અપિ = પણ; અનુગ્રહઃ = ઉપકાર બુદ્ધિ; સ્યાત્ = હોય, પૃથગ્ = જુદા જુદા, નયમૂઢાનાં = નયોમાં મૂઢ થયેલાનો, સ્મય = અભિમાન, આર્તિઃ = પીડા, અતિવિગ્રહઃ = અતિ ક્લેશ

<u>શ્લોકાર્થ</u>: લોકમાં સર્વ નયોના જાણનારનો મધ્યસ્થપણું (તટસ્થપણું) અથવા ઉપકારબુદ્ધિ (અનુગ્રહ) હોય છે. જુદા જુદા નયમાં મૂઢ થયેલાનો અહંકારની પીડા અથવા અત્યંત ક્લેશ હોય છે.

<u>ભાવાર્થ</u>: આ સંસારમાં સર્વ નયોને યથાર્થપણે જાણનારા તથા જ્યાં જ્યાં, જે જે નયની પ્રધાનતા કરવાથી સાધ્યની સિદ્ધિ થતી હોય ત્યાં ત્યાં, તે તે નયની પ્રધાનતા કરનારા અને બીજા નયની ગૌણતા કરનારા વિચક્ષણ પુરુષોમાં જ તટસ્થપણું અને અનુગ્રહબુદ્ધિ સંભવે છે. કદાગ્રહ વિનાના હોવાથી જ્યાં જ્યાં જે જે ઉપકારભાવ હોય ત્યાં ત્યાં તે તે ભાવની પકડે આ મહાત્માઓ ઉભા રહે છે.
આવા મધ્યસ્થ પુરુષો સર્વનયોને જાણતા હોવાથી તટસ્થ રહે છે. તેમનામાં અનુગ્રહ બુદ્ધિ, કરુણા, દીર્ઘદૃષ્ટિ અને સાપેક્ષહૃદય હોય છે. તેથી આવા જીવો ક્લેશમુક્ત, જડતામુક્ત અને કદાગ્રહમુક્ત હોય છે.
જે આત્માઓ એક એક નયને જ જાણીને તેના આગ્રહવાળા બને છે, બીજી બાજુનો નય, બીજી બાજુની વાત, બીજાની સાંભળતા નથી, તેઓ પોતાની માનેલી માન્યતાના કદાગ્રહી અને અભિમાની બને છે. બીજી બાજુના અજાણ હોવાથી જાણકાર પુરુષોની સાથે અત્યંત ક્લેશવાળા, જડતાવાળા અને કદાગ્રહવાળા બને છે.
માટે એકાન્તવાદનો આગ્રહ દુઃખદાયી, ક્લેશદાયી અને કષાય વધારનાર છે.

## 32 : સર્વનયાશ્રય

શ્રેયઃ સર્વનયજ્ઞાનાં, વિપુલં ધર્મવાદતઃ
શુષ્કવાદાદ્ વિવાદાચ્ચ, પરેષાં તુ વિપર્યયઃ (32-5)

<u>શબ્દાર્થ:</u> શ્રેયઃ = કલ્યાણ; સર્વનયજ્ઞાનાં = સર્વ નયોને જાણનારાઓનું વિપુલં = ઘણું; ધર્મવાદતઃ = ધર્મવાદથી; શુષ્કવાદાત્ = શુષ્ક વાદથી, વિવાદાત્ = વિવાદથી; ચ = અને; પરેષાં = બીજાઓનું; તુ = તો; વિપર્યયઃ = વિપરીત (અકલ્યાણ)

<u>શ્લોકાર્થ:</u> સર્વ નયને જાણનારાઓનું ધર્મવાદથી ઘણું કલ્યાણ થાય છે. બીજા એકાંતદૃષ્ટિઓનું તો શુષ્કવાદથી અને વિવાદથી વિપરીત (અકલ્યાણ) થાય છે.

<u>ભાવાર્થ:</u> પૂજ્યશ્રી હરિભદ્રસૂરિજીએ વાદના ત્રણ મુખ્ય પ્રકાર બતાવ્યા છે. ધર્મવાદ, શુષ્કવાદ અને વિવાદ.

**શુષ્કવાદ:** જેમ સૂકા ચાંદડામાં રસ ન હોય તેમ જે વાદમાં કંઈ રસ પ્રાપ્ત ન થાય, ફળ પ્રાપ્ત ન થાય તે શુષ્કવાદ. આ વાદમાં માત્ર કંઠ શોષાવાનું જ બને, કોઈને ધર્મની પ્રાપ્તિ ન થાય. માત્ર પરસ્પર કષાયોનો ઉત્કર્ષ બને છે, કોઈનું કલ્યાણ થતું નથી.

**વિવાદ:** ધન સંપત્તિ, યશકીર્તિ વગેરે મેળવવાના આશયથી વાદ કરવો તેને વિવાદ કહે છે. આવા વિવાદોમાં પ્રતિપક્ષીનો પરાજિત કરવાનો ભાવ હોય છે. અસમાન વ્યક્તિઓ વચ્ચે જ્યારે વિવાદ થાય ત્યારે અન્યાય, માનહાનિ, ગાળાગાળી થાય છે.

**ધર્મવાદ:** તત્ત્વજ્ઞાની મહાત્મા, તત્ત્વના સાચા અર્થીજીવોને તત્ત્વ સમજાવવા જે બોલે તે ધર્મવાદ. તે સ્વ-પરનો ઉપકાર કરનાર છે માટે ઉપાદેય છે. તત્ત્વજ્ઞાની જ્યારે ધર્મચર્ચા કરે ત્યારે સામેવાળો એટલે પ્રતિપક્ષી દુશ્મન કે અજ્ઞાની છે એમ ન માને પણ જિજ્ઞાસુ છે એમ સમજે. પોતે જ્યારે વાદ કરે ત્યારે બીજાને હરાવવાના આશયથી ન બોલે પણ પ્રેમપૂર્વક સમજાવવાના હેતુથી બોલે. તેનાથી બંનેનું કલ્યાણ થાય છે. શિષ્ય તત્ત્વજ્ઞાન પામવાથી કલ્યાણના માર્ગે આગળ વધે અને ગુરુજી પરોપકાર કરવા દ્વારા પોતાનું કલ્યાણ કરનારા બને.

ધર્મવાદ, શુષ્કવાદ અને વિવાદ એ ત્રણમાંથી યથાર્થ અને પરસ્પર હિતકારી વાદ તે ધર્મવાદ છે.

પ્રકાશિતં જનાનાં યૈઃ મતં સર્વનયાશ્રિતમ્
ચિત્તે પરિણતં ચેદં, યેષાં તેભ્યો નમોનમઃ (૩૨-૧)

શબ્દાર્થ: પ્રકાશિતં = પ્રકાશિત કર્યું છે; જનાનાં = લોકોને; યૈઃ = જેઓ દ્વારા; મતં = મત; સર્વનયાશ્રિતમ્ = સર્વ નયોનો આશ્રય કરીને; ચિત્તે = ચિત્તમાં; પરિણત = પરિણમેલું; ચ = અને; ઇદં = આ; યેષાં = જેઓના; તેભ્યઃ = તેઓને; નમોનમઃ = વારંવાર નમસ્કાર હો.

શ્લોકાર્થ: જેઓ (જે મહાત્માઓ) દ્વારા લોકોને માટે સર્વનયાશ્રિત મત પ્રકાશિત કરવામાં આવ્યો છે અને જેમના ચિત્તમાં આ પરિણામ પામ્યો છે તેઓને વારંવાર નમસ્કાર હો.

ભાવાર્થ: ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ એવા મહાત્માઓને નમસ્કાર કર્યા છે કે જેણે મોક્ષપ્રાપ્તિનું કારણ બને એવો સ્યાદ્વાદથી શોભતો ધર્મ સમજાવ્યો હો. ૨૫૦૦-૨૬૦૦ વર્ષના ગાળામાં થયેલા અનેક આચાર્ય ભગવંતોએ અને અનેક ઉપાધ્યાય ભગવંતોએ જેવા કે પૂ. શ્રી હરિભદ્રસૂરિજી, પૂ. શ્રી જિનભદ્રગણિજી, પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી, પૂ. શ્રી ભદ્રબાહુસ્વામીજી, પૂ. શ્રી ઉમાસ્વાતિજી, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી, પૂ. શ્રી અભયદેવસૂરિજી, પૂ. શ્રી યશોવિજયજી વગેરે મહાન આચાર્યભગવંતોને પુનઃ પુનઃ વંદના હો. આ મહાત્માઓએ મહાવીરપ્રભુની વાણીને અનુસારે સર્વનયાશ્રિત આ ધર્મ પ્રકાશિત કર્યો છે, અને અનેક શાસ્ત્રરચના દ્વારા સ્યાદ્વાદગર્ભિત ધર્મ વિસ્તાર્યો છે.

દ્રવ્યાર્થિકનયથી નિત્ય, પર્યાયાર્થિકનયથી અનિત્ય, નિશ્ચયનયથી સાધ્યની પ્રધાનતાવાળો, વ્યવહારનયથી સાધનની પ્રધાનતાવાળો, ક્રિયાનયથી ક્રિયાની અપેક્ષાવાળો અને જ્ઞાનનયથી જ્ઞાનની અપેક્ષાવાળો આમ સ્યાદ્વાદથી ગર્ભિત રાગ-દ્વેષ રહિત થઈને મુક્તિનું કારણ બને તેવો ધર્મ પ્રકાશિત કર્યો છે.

આવા પ્રકારના સર્વનયોના આશ્રયવાળું સ્યાદ્વાદ ગર્ભિત એવું તાત્ત્વિક ધર્મનું સ્વરૂપ પરિણામ પામ્યું છે એવા જે મહાત્માઓએ ધર્મ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા ધરી છે, ધર્મના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કર્યું છે, ધર્મના સ્વરૂપ ઉપર ઘણો જ આદરભાવ વિકસ્યો છે. આમ શ્રદ્ધા-જ્ઞાન અને આદરભાવ વડે આવો ધર્મ જે મહાત્માઓના ચિત્તમાં પરિણામ પામ્યો છે, તેઓને અમારા નમસ્કાર હો, અમારા વંદન હો.

## ૩૨: સર્વનયાશ્રય

શ્લોક ૧-૮

નિશ્ચયે વ્યવહારે ચ, ત્યક્ત્વા જ્ઞાને ચ કર્મણિ
એકપાક્ષિક વિશ્લેષં, આરૂઢાઃ શુદ્ધભૂમિકામ્ (૩૨-૧)

શબ્દાર્થ: નિશ્ચયે = નિશ્ચય નયમાં; વ્યવહારે = વ્યવહાર નયમાં; ચ = અને; ત્યક્ત્વા = છોડીને, જ્ઞાને = જ્ઞાન નયમાં; કર્મણિ = ક્રિયાનયમાં; એકપાક્ષિક વિશ્લેષં = એક પક્ષમાં રહેલા ભ્રાન્તિના સ્થાનને; આરૂઢાં = ચઢેલા; શુદ્ધભૂમિકાં = શુદ્ધ ભૂમિકા ઉપર

શ્લોકાર્થ: નિશ્ચયનયમાં કે વ્યવહારનયમાં, જ્ઞાનનયમાં કે ક્રિયાનયમાં, કોઈપણ એક પક્ષમાં રહેલા ભ્રાન્તિના સ્થાનને છોડીને શુદ્ધ ભૂમિકા ઉપર ચઢેલા —

અમૂઢલક્ષ્યાઃ સર્વત્ર, પક્ષપાતવિવર્જિતાઃ
જયન્તિ પરમાનન્દ-મયાઃ સર્વનયાશ્રયાઃ (૩૨-૮)

શબ્દાર્થ: અમૂઢલક્ષ્યાઃ = લક્ષ ન ચૂકે એવા, સર્વત્ર = સર્વત્ર, બધે; પક્ષપાતવિવર્જિતા = પક્ષપાતરહિત, જયન્તિ = જય પામે છે, પરમાનન્દમયા = પરમાનંદમય, સર્વનયાશ્રયા = સર્વનયના આશ્રયભૂત

શ્લોકાર્થ: લક્ષ ન ચૂકે એવા, સર્વત્ર (સર્વ ભૂમિકામાં) પક્ષપાતરહિત, પરમ આનંદમય, સર્વ નયોનો આશ્રય કરનારા (જ્ઞાનીઓ) જયવંતા વર્તે છે.

ભાવાર્થ (શ્લોક (૩૨-૧) અને (૩૨-૮)નો સાથે)

આ સંસારમાં નિશ્ચય અને વ્યવહાર વચ્ચે, જ્ઞાન અને ક્રિયા વચ્ચે, નિમિત્ત અને ઉપાદાન વચ્ચે વિવાદ ચાલતા આવ્યા છે. પરંતુ એક વાત નક્કી છે કે કોઈ એક નય જેમ સર્વાંશે ખોટો નથી તેમ સર્વાંશે સાચો નથી. દરેક નય પોતપોતાના સ્થાને યોગ્ય છે. જ્ઞાનીએ અનેકાન્ત દૃષ્ટિ કેળવવી જોઈએ. માત્ર નિશ્ચયનય કે માત્ર વ્યવહાર નય, માત્ર જ્ઞાનપક્ષ કે માત્ર ક્રિયાપક્ષ એવા એકાન્તના આગ્રહમાં ભ્રમ છે, મિથ્યાત્વ છે. જ્ઞાનીએ આવા મિથ્યાત્વમાં ન સરવું જોઈએ. →

# ૩૨: સર્વનયાશ્રય

શ્લોક (૩૨-૭) અને (૩૨-૮)

શુદ્ધ આત્માની નિર્મળ પરિણતિને પ્રધાન કરવી અર્થાત્
સાધ્યને મુખ્ય કરવું તે <u>નિશ્ચયનય</u>

સાધ્યને સાધવા માટે એવી ક્રિયાને પ્રધાન કરવી તે <u>વ્યવહાર</u>નય

ઉપયોગને મુખ્ય કરવો - ભાવને પ્રધાન કરવો તે <u>જ્ઞાનનય</u>
ક્રિયાને પ્રધાન કરવી તે ક્રિયાનય.
આમ ભિન્ન ભિન્ન નયોમાં કોઈપણ એક નયનો જ આગ્રહ
રાખવો, બીજા નયનો ન સ્વીકારવો તે આગ્રહ - કદાગ્રહ - હઠાગ્રહ -
એકાન્તવાદ કહેવાય છે.

જ્ઞાની પૂર્વગ્રહરહિત, પક્ષપાતરહિત મધ્યસ્થ દૃષ્ટિ ધરાવે છે.
એટલે જ તેઓ સમતાવાળા હોય છે અને હંમેશા આનંદમાં - પરમાનંદમાં
જ હોય છે. તેઓ શુદ્ધ ભૂમિકા ઉપર આરૂઢ થયેલા હોય છે.
તેમના ચિત્તમાં ક્યારેય ક્લેશ હોતો નથી. કોઈ વાત માટે તેમનો
દુરાગ્રહ હોતો નથી. પોતાનું લક્ષ એટલે કે અંતિમ ધ્યેય હંમેશા તેમની
નજર સમક્ષ હોય છે. એમ કરવાથી એમનું સમ્યગ્દર્શન વધુ
નિર્મળ થાય છે.

આવા જ્ઞાની એટલે જાણે સાક્ષાત પરમાનંદની મૂર્તિ!
પૂર્ણાનન્દી જ પરમાનન્દી છે!
આપણું લક્ષ પૂર્ણાનન્દી બનવાનું રાખીએ. બસ દિશા બદલીને
લક્ષ તરફ દૃષ્ટિ માંડીએ. વિચારોમાં સર્વનયાશ્રય દૃષ્ટિ આવવી
જોઈએ. પૂર્ણાનન્દી બનવા માટેનો આ અદ્ભુત ઉપાય છે.
આવી રીતે સર્વનયોનો આશ્રય કરનાર, પરમાનન્દી
જ્ઞાની મહાત્મા જયવંતા વર્તે છે.